આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૩૧-૧૦-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## PM-કચ્છ સરહદ-દિવાળી ઉજવણી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેવડીયાથી કચ્છ આવી પહોંચ્યા હતા. અને કચ્છમાં ક્રીક સરહદીય વિસ્તાર લકીનાળા ખાતે નિરીક્ષણ કર્યું હતું. છેલ્લાં દસ વર્ષથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિવાળીની ઉજવણી દેશના જવાનો સાથે કરતા આવ્યા છે. આજે દિવાળીનું પર્વ છે ત્યારે 11મા વર્ષે દિવાળી ઉજવવા કચ્છ પહોંચ્યા હતા. તેમણે સરહદ સુરક્ષાદળના જવાનોને મીઠાઇ ખવડાવીને દિવાળીની ઉજવણી કરી હતી.

શ્રી મોદીએ બીએસએફના અદમ્ય સાહસ અને દેશ પ્રત્યેના તેમના સમર્પણને સલામ કરી હતી.

(બાઈટ-PM-DD NEWS)

**(RNU અમદાવાદ/વિરલ રાણા/NP)**

---

## PM-એકતા દિવસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતિ પ્રસંગે આયોજીત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પ્રસંગે સંબોધન કરતા એકતાની ભાવના પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશવાસીઓએ રાષ્ટ્રીય એકતાને તોડવાનો પ્રયાસ કરનારા તત્વોથી સાવધ રહેવાની જરૂર છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આગામી 25 વર્ષમાં વિકસીત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે રાષ્ટ્રીય એકતા મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું કે પાછલા દસ વર્ષમાં સરકાર પોતાની નીતિઓ અને નિર્ણયોથી રાષ્ટ્ર ભાવનાને નિરંતર મજબૂત કરી રહી છે.

શ્રી મોદીએ આજે સવારે એકતા નગર ખાતે સ્ટેચ્યૂ ઑફ યુનિટી પર સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે ઉપસ્થિતોને એકતા દિવસના શપથ લેવડાવ્યા અને એકતા પરેડના સાક્ષી બન્યા.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

------------------------------------------------------------------------

## CM-પુષ્પાંજલિ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરી સહિતના મહાનુભાવોએ ગુજરાત વિધાનસભા પરિસરમાં આવેલી સરદાર પટેલની પ્રતિમા તેમજ વિધાનસભા પોડિયમમાં સરદાર પટેલના તૈલ ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

**(RNU અમદાવાદ/ વિરલ રાણા)**

------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી-ગુજરાત મુલાકાત

રાજ્યના બે દિવસીય પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બોટાદના સાળંગપુરમાં પ્રસિદ્ધ કષ્ટભંજન હનુમાન મંદિર પરિસરમાં શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનનું લોકાર્પણ કર્યું હતું. 200 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર આ ભવનમાં અત્યાધુનિક સુવિધાઓ સાથેના અગિયારસો જેટલા કક્ષ છે.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી શાહે હનુમાનજીને આદર્શ ભક્ત, આદર્શ યોદ્ધા, આદર્શ દૂત, આદર્શ જ્ઞાની ગણાવતા સાળંગપુર સ્થાનને સામાન્ય નાગરિકો માટે પ્રેરણારૂપ સ્થાન ગણાવ્યું. શ્રી શાહ મંદિરમાં આયોજીત સમૂહ મારુતિ યજ્ઞમાં સામેલ થયા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી આવતીકાલે અમદાવાદના પિરાણા વેસ્ટ ડમ્પિંગ સાઈટ ખાતે રાજ્યના સૌથી મોટા વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કરશે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

------------------------------------------------------------------------

## કચ્છ-દિવાળી ઉજવણી

પ્રકાશપર્વ દીવાળીની આજે ઉમંગ ઉલ્લાસભેર ઉજવણી  કરવામાં આવી રહી છે. કચ્છમાં સચરાચર વરસાદને લીધે લોકોમાં આ પર્વ ઉજવવા ઉમંગ ઉલ્લાસ જોવા મળી રહ્યો છે. ભુજ, અંજાર, ગાંધીધામ, માંડવી, મુંદ્રા વિગેરે નગરોમાં રોશનીનાં ઝગમગાટ વચ્ચે શણગારેલા દેવ મંદિરોમાં દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. મંદિરોમાં અને લોકો એ ઘર આંગણે રંગોળી કરી છે. ઘરો દુકાનો પર રંગબેરંગી રોશની કરવામાં આવી છે.

જ્યોતિષશાસ્ત્ર અનુસાર દિવાળી પર્વનો પ્રારંભ આજે બપોર પછી હોવાને લીધે જીલ્લા ભરના વિવિધ ધાર્મિક સ્થળો અને વેપારી પ્રતિષ્ઠાનોમાં  શાસ્ત્રોક્ત વિધિસર લક્ષ્મી પૂજન, ચોપડા પૂજન યોજાઈ રહ્યા છે.

આજે દીપોત્સવ નિમિત્તે ભુજનું નૂતન સ્વામિનારાયણ મંદિર  એક લાખ દીવડાથી ઝગમગી ઊઠશે. મંદિરના પરિસર ખાતે સામૂહિક લક્ષ્મી પૂજનનો કાર્યક્રમ યોજાયો છે.

**(NP/વિરલ રાણા)**

---

## એકતા દિવસ-રન ફોર યુનિટી-કચ્છ

દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી લોહ પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની આજે 150 મી જન્મ જયંતિ નિમિતે તેમને ભાવ સભર શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ભુજ અને ગાંધીધામ સહિત વિવિધ સ્થળે તેઓની પ્રતિમાને પુષ્પાંજલિ તેમજ રનફોર યુનિટી સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

**(NP/વિરલ રાણા)**

---

RNU BHUJ